જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૬/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૭૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૮૪ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫૬૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૨૩ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ ઝડપી રોકડ રૂપિયા ૨૨,૯૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૭૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૭૭૩/૨૦૨૬**

નરોડાઃ મહીપાલસિંહ દિલીપસિંહ રાઠોડ (ઉ.વ.૩૬) (રહે.ક્રિસ્ટલ બંગ્લોઝ, સોમનાથ મંદિર પાસે ન્યુ શાહીબાગ નાના ચિલોડા) એ તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૨૬ બપોરના ૨/૩૦ થી તા.૦૧/૦૬/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના બેડરૂમના બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના–ચાંદીના દાગીના, બત્રીસ બોર રિવોલ્વર અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૭,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૭૭૪/૨૦૨૬**

કૃષ્ણનગરઃ જીતેન્દ્ર લોકુમલ રેવાણી (રહે. સરગમ પાર્ક, નોબલ સ્કુલની બાજુમાં, પાશ્વનાથ, કૃષ્ણનગર) તા.૦૨/૦૬/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર આંગડીયા પેઢીમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/– મેળવી એક્ટીવાની ડેકીમાં મુકી પાશ્વનાથ કેનાલ રોડ ખાતે જય રામદેવ ફર્નીચરની દુકાન નજીક એક્ટીવા પાર્ક કરી દુકાનમાં ગયા હતા ત્યારે એક પુરૂષ એકટીવાની ડેકીનું લોક તોડી ડેકીમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ ગયો હતો. આ અંગેની ફરીયાદ જીતેન્દ્ર રેવાણીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

લીફટમાં ફસાઇ જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૭૭૫/૨૦૨૬**

સાબરમતીઃ ક્રિશ સ/ઓ પંકજભાઇ શર્મા (ઉ.વ.૨૧)(રહે.ગોરવાસ ચાંદલોડીયા ગામ બહુચરમાતાના મંદિર સામે ચાંદલોડીયા) તા.૦૨/૦૬/૨૦૨૬ બપોરના ૨/૫૫ વાગ્યા પહેલા સરદાર પટેલનગર ચેનપુર ખાતે લીફટ રિપેરીંગનુ કામ કરતા હતા દરમ્યાન લીફટમાં ફસાઇ જતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડોશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૭૭૬/૨૦૨૬**

નારોલઃ ફરાનાબાનુ રેહમાનુદ્દીન શેખ (ઉ.વ.૩૮)(રહે.નુરનગર, રખિયાલ ઉદ્યોગ પોસ્ટ ઓફીસ પાછળ નુર મહેલ હોટલ સામે રખિયાલ) તા.૦૧/૦૬/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઈલેક્ટ્રીક પાણીની મોટર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

પહેલા માળથી નીચે પડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૭૭૭/૨૦૨૬**

ઘાટલોડીયાઃ ઘાટલોડીયા રત્ના પાર્ક રુદ્રમ સ્કાય પાસે "આર્ના બ્લીશ" નામની કન્ટ્રક્શન સાઈટ ખાતે રહેતા અને ત્યાં જ કામ કરતા રમેશભાઇ ભીલ (મુળ વતન. ગામ–ખટાલી તા–ખટાલી જી–અલીરાજપુર મધ્યપ્રદેશ) નાઓની ૦૬ વર્ષની પુત્રી તા.૦૧/૦૬/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે "આર્ના બ્લીસ" સાઈટના "AB" બ્લોકમાં રમતા–રમતા પહેલા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને અર્થમ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૬/૨૦૨૬ કલાક ૦૦/૨૫ વાગે તેનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૭૭૮/૨૦૨૬**

રાણીપઃ સંધ્યાબહેન ડો/ઓ કિશોરભાઇ મકવાણા (ઉ.વ.૧૯)(રહે.હનુમાનનગરના છાપરાં પી એન્ડ ટી કોલોની પાછળ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૬ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી